# આચરણ વગરનું જીવન ઉપવન કેવી રીતે બને ?



**જ્ઞાનામૃત**

**બ્રહ્માકુમાર અનિલ**

વર્તમાન સમાજ જીવનમાં, પ્રત્યેક ક્ષેત્રોમાં વ્યવહારમાં મોટે ભાગે સિથિલતા પ્રવર્તે છે, ત્યારે આપણને શ્રેષ્ઠ આચરણનું મૂલ્ય સમજાય છે. ધર્મની પરિભાષામાં કહેવામાં આવ્યું છે કે આચરણ એ શ્રેષ્ઠ ધર્મ છે, પરમધર્મ છે. પરંતુ તેનું પ્રત્યક્ષ પ્રમાણ ઘણું ઓછું જોવા મળે. પ્રખર બુધ્ધિજીવીઓ જોવા મળશે પણ શ્રેષ્ઠ આચરણવાળી વ્યકિતઓ અલ્પ સંખ્યામાં જોવા મળે છે તેથી વિચાર અને વાણી કરતાં આચરણનું મૂલ્ય વિશેષ છે. આજે કોમ્પ્યુટર પણ અવનવા કાર્યો કરે છે. પરંતુ માનવી તેના દિવ્યગુણોના ગુલદસ્તાની સૌરભથી અલગ તરી આવે છે.

આ વાત એક દ્દષ્ટાંતથી સમજીએ. ભારતમાં જયારે ચંદ્રગુપ્ત મૌર્યનું શાસન ચાલતું હતું ત્યારની વાત છે. તેના ગુરૂ મહાઅમાત્ય ચાણકયની બુધ્ધિ, પ્રતિભા, વિદ્વતા અને રાજનીતિની કુશળતાનાં યશોગાન સર્વત્ર પરિમલની જેમ પ્રસરી ગયાં હતાં. તેમની પ્રતિભાથી અંજાયેલો એક વિદેશી ચાણકયની મુલાકાતે આવ્યો. નગરમાં આવી મહાઅમાત્ય ચાણકયના નિવાસસ્થાનની પૂછપરછ કરી. કોઈએ ઉત્તર આપ્યો નગરની બહાર જાઓ, ત્યાં તેમનું નિવાસ્થાન છે. વિદેશી, ચાણકયના નિવાસે આવી પૂછપરછ કરવા લાગ્યો. આ સમયે ચાણકય સરિતામાં સ્નાન કરીને પાણીનો ઘડો ભરીને પાછા આવી રહ્યાં હતાં. વિદેશીએ પૂછ્યું, ‘મહાઅમાત્ય ચાણકયનું નિવાસસ્થાન આ કે?’ ચાણકયે ઉત્તર આપ્યો, ‘હા, બેસો.’પછી ચાણકયે ઘોયલું ધોતિયું સૂકવ્યું અને પેલા વિદેશીનું સ્વાગત કરી સામે જઈને કહ્યું, ‘બોલો શું કામ છે? હું ચાણકય છું. વિદેશી આ સાંભળીને ડધાઈ ગયો. મૌર્ય સમ્રાટનો મહાઅમાત્ય ઝૂંપડીમાં, આવી સાદાઈથી રહે છે ! તેના મનમાં આચરણ, ત્યાગ પ્રધાન ભારતીય સંસ્કૃતિની છાપ લાગી ગઈ.

સોનાને કાટ લાગતો નથી તે રીતે આચરણ દ્વારા આદર્શોને સાકાર કરનાર મહાન વિભૂતિઓ દેશકાળના બંધનોથી મુકત રહી સમગ્ર વિશ્વમાં આદરપાત્ર બને છે. તેમની કીર્તિ અવિચળ રહે છે. સત્તાધીશોના પ્રભાવ કરતાં આવી વ્યકિતઓનો પ્રભાવ વધુ ટકે છે. જે અનેકોના જીવનમાં પ્રકાશ પાથરે છે. પ્રેરણાના પીયુષ દ્વારા આત્માઓમાં વિશેષ શકિત ભરે છે. આ અંગે મહામર્મજ્ઞ ગુર્જીફના શબ્દો ઉલ્લેખનીય છે. આ સંસારમાં કેવળ એક જ જાદુ છે, અને તે આચરણ. જે શકિત, સજાગ આચરણમાં રોકવામાં આવે છે તે જીવનની મૂડી બની જાય છૅ. કેવળ યંત્રવત ખર્ચેલી શકિત સદાને માટે મિથ્યા થાય છે’

આજનો યુગ ભાષણનો યુગ છે. કેટલીક સંસ્થાઓ ભાષણ ઉપર જ ચાલે છે. ભાષણોમાં મોટા મોટા આદર્શોની વાતો કરનાર વકતાઓના વ્યવહારમાં વાણી કરતાં ભિન્નતા જોવા મળે છે. તેથી કથની સરળ છે, કરણી અઘરી છે. ગમે તેટલા સુંદર વિચારો હોય, પણ આચરણ વિના તે પાંગળા છે. કલા અને ધર્મ એ બે ભિન્ન વસ્તુઓ છે. આમ છતાં રામ, સીતા જેવાં ઉચ્ચ પાત્રો ભજવનાર કલાકારોનાં જીવનમાં કોઈપણ પ્રકારની શિથિલતા જોવાનું દર્શકોને ગમતું નથી. તે સૂચવે છે કે માત્ર કલા કે અભિનય જ નહીં પણ જીવનમાં આચરણનું પણ ઘણું મહત્વ છે.

સંત જ્ઞાનેશ્વર પાસે એક વાર પોતાના પુત્રને મારતી મારતી એક માતા આવી અને સંતને કહ્યું કે, ‘મારો પુત્ર રોજ ગોળ ખાય છે, મારા કહ્યામાં જરા પણ રહેતો નથી, આપ કંઈ એને સમજાવો’ જ્ઞાનેશ્વરજીએ તે માતાને આશ્વાસન આપતા કહ્યું કે ‘જરૂર હું તેને સમજાવીશ પણ તે માટે તુ સાત દિવસ પછી તારા પુત્રને લઈને પાછી આવજે.’ માતાએ સાત દિવસ પછી સંત પાસે પુત્રને લાવી કહ્યું કે ‘હવે આપના કહ્યા મુજબ સાત દિવસ પછી પુત્રને લઈને આવી છું’ સંતે પુત્રને પ્રેમથી પાસે બેસાડી કહ્યું કે ‘બેટા આજથી તુ ગોળ ખાતો નહી’ ત્યારે માતાએ સંતને કુતુહલતાથી પુછી લીધું કે ‘તમારે આટલી જ શિખામણ - ઉપદેશ આપવો હતો તો તમે તેજ દિવસે શિખામણ આપી શકતા હતા, આટલા માટે મને સાત દિવસ પછી કેમ આવવા કહ્યું ?’ ત્યારે સંત જ્ઞાનેશ્વરે કહ્યું કે ‘હે માતા જયારે પહેલા તું પુત્રને લઈને આવી ત્યારે હું પોતેજ ગોળ ખાતો હતો તો પછી આચરણ વગરની શિખામણ હું કેવી રીતે આપી શકું?’ સાત દિવસમાં મેં ગોળ ખાવાનું બંધ કર્યું તોજ આચરણનો પ્રભાવ પડેને?

આપણે કહીએ છીએ કે ‘કહેવા કરતાં કરવું ભલું.’ પંડિતાઈના પાશેર કરતાં આચરણનો અઘોળ ચડિયાતો છે. વાકપટુતા, વિદ્વતા, લોહચુંબકીય વ્યકિતત્વ, પ્રભાવિત કરવાની કળા વગેરે આપણને મુગ્ધ કરી

> **આજના યુગમાં મન, વાણી અને કર્મની એકરૂપતા અતિ સહજ છે પણ તેને સાકાર સ્વરૂપ આપવામાં ઘણાં વર્ષો વીતી જાય છે. આચરણ દ્વારા અદનો માનવ પણ ઉચ્ચ સ્થિતિને પામે છે**

દે છે. તેના પ્રત્યે પ્રશંસાના શબ્દો પણ નીકળે છે. આમ છતાં આપણું મસ્તક તો માત્ર આચરણની આદર્શ મૂર્તિના ચરણોમાં જ ઝૂકે છે. સમય આવે સત્ય અને આભાસ પ્રગટ થઈ જાય છે. અંતે આચરણની પ્રત્યક્ષતા થાય છે.

આજના યુગમાં મન, વાણી અને કર્મની એકરૂપતા અતિ સહજ છે પણ તેને સાકાર સ્વરૂપ આપવામાં ઘણાં વર્ષો વીતી જાય છે. આચરણ દ્વારા અદનો માનવ પણ ઉચ્ચ સ્થિતિને પામે છે. ઘણાં થોડાં જ સમય માટે વડાપ્રધાનપદને શોભાવનારા સૌના લાડીલા સ્વ. લાલબહાદુર શાસ્ત્રી આજે જનતાના હૃદયોમાં જીવે છે. તે તેમના આચરણનો પ્રભાવ છે.

ચાલો મિત્રો ‘ચેરીટી બીગીન્સ એટ હોમ’ શરૂઆત આપણાથી જ કરીએ અને ધીરે ધીરે આચરણને જીવનમંત્ર બનાવી દઈએ તો જ જીવનયંત્ર મંઝીલ સુધી વગર અડચણે પહોંચાડી દેશે એવી શુભકામનાઓ સાથે.

---

# શેનો ભય છે?



**જીવનની વચ્ચોવચ્ચ શ્રીમદ્ ભગવદ્ગીતા**

**સાધુ જ્ઞાનાનંદદાસ**

પુરુષોત્તમ યોગ પછી ભગવાન કૃષ્ણ હવે સોળમા અધ્યાયનો આરંભ કરે છે. આ અધ્યાયનો આરંભ જ “અભયમ્”(16/1) કહીને ભગવાન આપણને નિર્ભયતાનો વરદાન આપી રહ્યા છે, તે સમજીએ. સંસારનું બીજુ નામ છે ‘મૃત્યુલોક.’ સૌ કોઈ આ વાત જાણે છે કે જે જન્મ ધારણ કરે છે, તે એક દિવસ મૃત્યુ પ્રાપ્ત કરે જ છે. હા, આ સંસારનો આ જ અટલ નિયમ છે. આમ તો મૃત્યુ શબ્દ જ આપણાં મનમાં ભય ઉત્પન્ન કરે છે તો વાસ્તવિક મૃત્યુની શું વાત કરવી! આ લોકમાં સૌનાં દુઃખ, તણાવ, સમસ્યા ભલે અનેક પ્રકારની હોય પરંતુ સર્વ પ્રકારનાં ભયમાં સૌથી મોટો ભય એ ‘મૃત્યુભય.’ મહાભારતમાં યક્ષના પ્રશ્નમાં યુધિષ્ઠિર ‘સૌથી મોટું આશ્ચર્ય’ આ જણાવે છે કે ‘પ્રતિદિન આ જગતના લોકો જન્મ-મરણના ચક્રને નિહાળે છે તથાપિ જાણે પોતે અમર રહી અહિંયા જ સદા સ્થાયી થશે એ જ મોટું આશ્ચર્ય છે.’ પરંતુ આ જ ભયનું કારણ બને છે એ કેવું મોટું આશ્ચર્ય ? એકદા ભાડાના મકાનમાં બે ભાઈઓને માલિકે અમુક કારણસર

> **રાજસ કે તામસ કર્મો કરનારને મોત માટે ભય હોય છે. સાત્વિક જનોને મોતથી કદાચ ભય નથી હોતો**

કાઢી મુક્યા. બન્ને પાડોશી પણ હતા. આથી એકભાઈએ રોદણા શરૂ કર્યા જ્યારે બીજા ભાઈએ હસતાં મુખે નિર્ણય સ્વીકારી બીજે પ્રયાણ કરવા માંડ્યુ. આ બધું જ ત્યાંના રહેવાસીઓએ જોયું ને પૂછ્યું ત્યારે હસતાં ભાઈએ કહ્યું ‘મેં ઘણાં સમયથી બીજે જવાની તૈયારી કરી રાખી હતી કેમ કે આ તો ભાડાનું જ હતું એટલે એક દિવસ છોડવાનું પણ નક્કી જ હતું.’

યથાર્થ જ્ઞાનની કુંચી જ ભયના ખંભાતી તાળાનો એકમાત્ર જવાબ છે, જે આપણને નિર્ભય બનાવી દે છે. મૂળ અક્ષરમૂર્તિ શ્રીગુણાતીતાનંદસ્વામી પોતાની વાતમાં જણાવે છે કે, ‘જ્ઞાન વિના તો કાંઈ પદાર્થ નાશ પામે અથવા સંબંધી મરી જાય તો પણ ગાંડુ થવાય. માટે જ્ઞાન શીખવું, તો દુઃખ ન આવે.’ આ જ્ઞાન જ સાચી નિર્ભયતા આપી શકે છે. આ એવો ગુણ છે જે વ્યક્તિને ડર, શંકા, અથવા સંકટોની સ્થિતિમાં પણ સ્થિર રહેવા અને પોતાનો આત્મવિશ્વાસ જાળવવાની ક્ષમતા આપે છે. સાચી નિર્ભયતા વ્યક્તિને મુશ્કેલીના સમયમાં પણ નવ જીવનને આગળ ધપાવવાની પ્રેરણા આપે છે. આ નિર્ભયતા એ દૈવી સંપત્તિ છે. શ્રીમદ ભગવદ ગીતાના 16મા અધ્યાયનું નામ છે ‘દૈવ - આસુર સંપદ્ વિભાગ યોગ.’ જ્યાં પહેલા શ્લોકનો પહેલો જ શબ્દ છે. ‘‘ ભગવાન સ્વામિનારાયણે તેથી જ ‘અભય’ થવાં વચનામૃત મધ્ય 33માં કહ્યું છે કે ‘અખંડ એવું મનન કરવું જે ‘હું આત્મા છું, દેહ નથી.’ જેમ રક્ષાબંધનના દિવસે બ્રાહ્મણો જૂની યજ્ઞોપવીતનો ત્યાગ કરી નવી યજ્ઞોપવીત ગ્રહે ત્યારે પ્રસન્ન હોય છે તેમ આ દેહ પણ આપણે ધારણ કર્યો છે, હવે એનો ત્યાગ કરવાનો છે તો એમાં ભય શાનો ? અને તેને જ વધું સ્પષ્ટ કરતાં ભગવાને વચનામૃત શાસ્ત્રમાં સૂચવ્યું છે કે ‘મૃત્યુ સમય તો સમુદ્ર જેવો છે, માટે ભગવાનની ઉપાસનારૂપી વહાણનું કામ પડે છે માટે અંતકાળે તો ભગવાનનો દૃઢ આશરો હોય તે જ કામમાં આવે છે.’ તો ‘ઉપાસના’ એટલે શું ? એ વાતને ‘આધુનિક યુગની ભગવદ ગીતા’ તરીકે દરજ્જો પામેલા ગ્રન્થ ‘સત્સંગદીક્ષા’માં કહેવાયું છે કે શાસ્ત્રોક્ત સાધુતાનાં લક્ષણવાળા ગુરુનો સંગ એ જ ઉપાસના. જેથી ‘મહાભય મૃત્યુ’ થકી પણ અભયતા મળે છે તો અન્ય ભયની શી વિસાત ? વિશ્વવન્દનીય વિભૂતિ પરમપૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ એકવાર વિદેશ જતા હતા ત્યારે અમુક ભક્તો-ભાવિકોએ કહ્યું ‘બાપા ! પ્લેનમાં જવાનું માંડી વાળી આપણે અન્ય ઉપાય કરીએ. કારણકે આતંકવાદીઓએ હુમલો કરવાની ધમકી આપી છે.’ અને આથી ઘણા યાત્રિકોએ પણ જવાનું અવશ્ય માંડી વાળ્યુ હશે પરંતુ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે જણાવ્યું કે ‘તમને આતંકવાદી પર વિશ્વાસ છે. શું ભગવાન પર નથી ? ભગવાન આપણી રક્ષામાં જ છે.’ અને તેઓએ તે પ્લેન દ્વારા જ વિદેશ પ્રસ્થાન કર્યું ત્યારે સૌને ‘સાક્ષાત્ નિર્ભયતા’ નાં દર્શન થયાં. રાજસ કે તામસ કર્મો કરનારને મોત માટે ભય હોય છે. સાત્ત્વિક જનોને મોતથી કદાચ ભય નથી હોતો પરંતુ ‘પછીથી શું ?’ એ વિષય પર કલ્યાણનો વિશ્વાસ નથી હોતો ને ‘શંકા રહે છે.’ જ્યારે જેણે ખરેખર ‘ગુણાતીત ગુરુ’નો પ્રસંગ કર્યો હોય તે ‘નિર્ભય’ બની જાય છે. કારણકે ગુણાતીત પુરુષ જ એક નિર્ભય હોય છે જે બીજાને નિર્ભય કરી શકે.

તો ચાલો, ગુરુનું શરણું સ્વીકારીને નિર્ભયતાના પથને અપનાવીએ.